॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રી ઘનશ્યામ વિજય

[ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨ પરદેશ શિ. ૫ ]

માનદ્ તંત્રી તથા પ્રકાશક: હરિપ્રસાદ જગન્નાથ જોષી બી. કોમ.

સહતંત્રી : ભગવતપ્રસાદ કરુણાશંકર શુકલ બી. એ.

પુસ્તક ૫ ] અમદાવાદ. જાન્યુઆરી ૧૯૬૦ [ અંક ૧

[ સખી જુઓ હાં હાં રે (૨) સખી જુઓ શ્રી કુંજ વિહારી......એ રાગ ]

આ મૂર્તિ હાં હાં રે (૨) અતિસુખકારી, છે આનંદ આનંદ ભારી...ટેક
દિવ્ય મુગટ શિરે ચળકે, ભાલ ચંદ્ર તિલકથી ઝળકે, બેઉ કર્ણે કુંડળ લળકે
ભ્રકુટિ અનુપ, નેણે મોહ્યા ભૂપ, નાસિકાનું રુપ
જોઇને જાઉં વારી......છે આનંદ ૦૧

મુખ જુઓ હાં હાં રે (૨) મંદહાસ્યવાળું, મરમાળું સુખનું દેનારું;
ગૌર કપોળે જ્યોતિ છાજે, ટીબકડી ગાલે બિરાજે, મુછ રેખા ઉપડતી રાજે,
ચિબુક ચોરે ચિત્ત, કંઠે વાધે પ્રિત, જાણી રસ રીત
રસીકવર સારી.. ...છે આનંદ ૦૨

બાંડી ભુજા હાં હાં રે (૨) મળે અલબેલો, સુખ આપે છેલ છબીલો;
વક્ષસ્થલ ને સ્તન છે સારા, નાભિ વર્તુલ કરે જગ ન્યારા, સાથલ જાનુ લાગે બહુ પ્યારા,
જાંઘા રસધાર, ઘુંટી ગોળાકાર, ચરણુ સુખકાર,
મળ્યા અવતારિ......છે આનંદ ૦૩

અંગ દેખો હાં હાં રે (૨) વિશેષ રૂપાળાં, બહુ નવલાં દિવ્ય સુખાળાં,
સુખ ભર્યું છે અંગો અંગે, રોમે રોમે નવિન તરંગે, તેમાં થીજ્યા અનાદિ ઉમંગે,
સદાનો પ્રસંગ, નવીન અભંગ, લે છે સુખ રંગ
દે છે હિતકારી......છે આનંદ ૦૪

રાખ્યા મુક્તો હાં હાં રે (૨) સ્વ મૂર્તિમાંય, કરી કૃપા અતિ હરિરાય,
શરણાગતને ન્યાલ બનાવ્યા, અક્ષરાતીત કરીને ઠેરાવ્યા, રાખી મૂર્તિમાં ખૂબ રીઝાવ્યા;
પાર્શ્વ સુખ ખાસ, દાસ તણો દાસ, કરે અરદાસ,
વ્હાલા નિત્ય તારી......છે આનંદ ૦૫

—અ. મુ. સદ્‌ગુરુ શ્રી મુક્તજીવનદાસજી સ્વામી

# શ્રી. ઘનશ્યામ વિજય

તા. ૧-૧-૬૦

**જય શ્રી સ્વામિનારાયણ !**

આપનું માનીતું માસિક '**શ્રી ઘનશ્યામ વિજય**' સર્વકારણના કારણ, સર્વાધાર અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, અક્ષરાતિત, સર્વોપરિ, સર્વાવતારિ, અગમ્ય, અગોચર, અકળિત સદાય સાકાર દિવ્ય મુર્તિ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અસીમ કૃપાથી તથા પરમ પૂજ્ય જીવનપ્રાણ અનાદિમુક્ત સદ્‌ગુરૂ શ્રી મુક્તજીવનદાસજી સ્વામીના શુભ આશીર્વાદથી ચાર વર્ષ પૂરાં કરી પાંચમા વર્ષમાં પ્રવેશે છે.

'**શ્રી ઘનશ્યામ વિજય**' માસિકને આપ સર્વએ આપનું પોતાનું માની મમત્વ બુદ્ધિ રાખી ખૂબ આનંદભેર સાથ અને સહકાર આપી તેની પ્રગતિ કરાવવામાં તથા અમારી સેવા કાર્યમાં વધુ ને વધુ પ્રોત્સાહન આપી આનંદીત તથા ઉત્સાહી કરવા બદલ આપ સર્વનો અમો અત્રે આભાર માનીએ છીએ.

આપનું માનીતું માસિક '**શ્રી ઘનશ્યામ વિજય**' જીવ પ્રાણી માત્રનું શ્રેય-પરમ હિત કહેતાં આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ જીવોને સરળતાથી સુગમતાથી કેવી રીતે થાય તેનું માર્ગદર્શન કરાવવામાં સહાયભૂત થાય છે. અનંત જન્મનાં સુકૃત્ય ઉદય થાય ત્યારે જન્મમરણરૂપી સંસાર સાગરને તરવા અર્થાત્ જીવાત્માનો મોક્ષ સિદ્ધ કરવા દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત થાય છે. તે પોતાના કે કુટુંબ પરિવારને કેવળ પાળવા પોષવા કે સંસારના ક્ષણિક અને નાશવંત ઝાંઝવાના જળ જેવા માયિક સુખ કે વિષય સુખના ભોગની પ્રાપ્તિ માટે એળે ગુમાવવા માટે નથી, પરંતુ જીવાત્માના આત્યંતિક મોક્ષ માટે-મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મુર્તિનો સાક્ષાત્કાર કરવા-મુર્તિનું સુખ પ્રાપ્ત કરવા માટે છે.

આપનું માનીતુ માસિક '**શ્રી ઘનશ્યામ વિજય**' સર્વને ઠસાવવા માગે છે કે ભગવાનનું ધ્યાન ભજન કરી મુર્તિ સિદ્ધ કરવામાં અંતરાય કરનાર છે દેહભાવ તથા માનવીમાં રહેલા આળસ અને પ્રમાદ.

**आलस्यं हि मनुष्याणां शरीरस्थो महारिपु : ॥**

અ. મુ. સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે :—

અતિ પાપનું મુળ છે આ દેહ, તેમાં જીવે બાંધ્યો છે સ્નેહ.

દેહ અને દેહના સંબંધીમાં અહંમમત્વ બુદ્ધિ રાખ્યા કરવી ને તેમાંજ રચ્યા રહેવું તેજ માયા છે. તથા આળસ પ્રમાદમાં કાલે ભગવાન ભજશું, ઘરડા થઇશું ત્યારે ભજશું એમ ગાફલાઇ વર્તે, કાળ કાળનું કામ કર્યે જાય છે ને યમના દૂતો તેડવા આવે ત્યારે પસ્તાવો થાય કે અરેરેરે ! ! આ જીંદગી એળે ગુમાવી. જે કરવાનું હતું તે કર્યું નહિ અને ન કરવાનું હતું તે કર્યું. આમ દેહભાવ અને આળસ પ્રમાદ જીવના હિતના મહાન શત્રુ છે.

આપનું માસિક 'શ્રી ઘનશ્યામ વિજય' ડગલે અને પગલે મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે વરતાલના ૧૯ મા વચનામૃતમાં કહ્યા પ્રમાણે પુનરૂચ્ચારણ કરે છે કે ભગવાન અને ભગવાનના સંત જરૂર આ પૃથ્વી ઉપર વિચરતા હોય. સત્પુરૂષને ઓળખવાની નિશાનીઓ શાસ્ત્રોમાં વર્ણવેલી હોય છે. જ્યાં સત્પુરુષ બિરાજતા હોય ત્યાં જઇએ ત્યારે ઘાટ સંકલ્પનો વિરામ થાય અર્થાત્ બંધ થાય. હૃદયમાં શાંતિ શાંતિ અને આનંદ વરતે. એક સ્થળને વિષે રહ્યા થકા અનંત ઠેકાણે દેખાય અનેકને મહારાજની મુર્તિમાં મુકી દે. કોઇને દેહ મુકવાનો અવધિ કહી જાય. કોઇને દેહ મુકવાનો હોય તો રાખે અને કોઇને આયુષ્ય હોય પણ ધામમાં જવું હોય . તો લઇ પણ જાય. આ સર્વ લક્ષણો તથા ગુણો યુક્ત સત્પુરૂષ પરમ પૂજ્ય અનાદિ મુક્ત સદ્‌ગુરૂ શ્રી મુક્તજીવનદાસજી સ્વામી વર્તમાન કાળે શ્રીજી સંકલ્પથી શ્રીજીમહારાજની મુર્તિમાં રહ્યા થકા આ લોકમાં દૃષ્ટિ ગોચર વર્તે છે.

આપનું માસિક 'શ્રી ઘનશ્યામ વિજય' આ જીવનું મુળ અજ્ઞાન દેહ ને દેહના સંબંધીમાં પ્રીત દેહરૂપે વર્તવું તે સામે હંમેશાં સર્વને ચેતાવતા રાખે છે. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વમુખે ગઢડા પ્ર. પ્ર. ના ૨૦ મા વચનામૃતમાં કહે છે કે આ દેહમાં રહેનારો જીવ છે તે રૂપને જુવે કુરુપને જુવે છે તથા બાળ યૌવન વૃદ્ધપણાને જુવે છે એવાં અનંત પદાર્થને જુવે છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી તેજ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે ઘેલામાં ઘેલો છે ને મુર્ખમાં મુર્ખ છે ને તેજ સર્વ નીચમાં અતિશે નીચ છે માટે જીવનુ આ મુળ અજ્ઞાન દૂર કરી દેહાદિકનો નાશ કરાવી ચૈતન્યને મુર્તિનું સુખ અપાવનાર પરમ પૂજ્ય સ્વામીશ્રીનો જોગ સમાગમ કરી મનુષ્ય જન્મનું સાર્થક સાધી લેવું.

આપનું માસિક 'શ્રી ઘનશ્યામ વિજય' આવાજ સર્વદા સત્પુરુષ કેવા હોય? કોણ છે? તેના ઉપર સર્વદા પ્રકાશ પાડતું રહે છે. મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતના બત્રીસ લક્ષણો કહ્યા છે તે લક્ષણો પરમ પૂજ્ય અનાદિ મુક્ત સદ્‌ગુરુ શ્રી મુક્તજીવનદાસજી સ્વામીમાં વિદ્યમાન છે. તેમના સંસર્ગમાં આવતાંજ જીવાત્મા શાંતિ શાંતિ અને શાંતિ તથા આનંદ અનુભવે છે ને ઘાટ સંકલ્પ બંધ થઇ જાય છે. એક સ્થળને વિષે રહ્યા થકા અનેક સ્થળે દષ્ટિગોચર થાય છે અને એ છતીદેહે મૂર્તિના સુખમાં મુકી દે છે. ત્રિવિધ તાપ અધ્યાત્મ, અધિભૂત, અધિદૈવ, અધ્યાત્મ એટલે શરીરની વ્યાધિ તથા મનની વ્યાધિ; અધિભૂત એટલે પોતાથી અન્ય પ્રાણી એટલે કે મનુષ્ય પશુ પક્ષી વગેરે પંચભૂતાત્મક સૃષ્ટિ થકી જે પીડા થાય તે; અધિદૈવ એટલે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ વાયુ આદિકથી પીડા થાય તે. આ ત્રિવિધિ તાપથી તપતા જીવો પરમ પૂજ્ય સ્વામીશ્રીના જોગ સમાગમમાં આવતાંજ ત્રિવિધ તાપ દૂર થઇ શાંતિ અનુભવે છે.

આપનું માસિક 'શ્રી ઘનશ્યામ વિજય' પીરસે છે મહારાજની મૂર્તિનું સુખ કેવળ અમૃતનાં ભોજન, અમૃતના સાગર અ. મુ. સદ્‌. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે–

ઉપાસી જનને આવ્યું અમૃત પીવાનું નોતરું,
તે પળ પીવા ખમે નહિ કયી વારે પાન કરું.